# 7 સંયુક્ત રાષ્ટ્ર

મનુષ્યો પોતાની જરૂરિયાતો સંતોષવા માટે જુદી-જુદી સંસ્થાઓની રચના કરે છે. સંયુકત રાષ્ટ્ર ( United Nations Organization- U.N.O., હવે માત્ર U.N. તરીકે ઓળખાય છે) પણ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. જુદાં-જુદાં રાષ્ટ્રોએ મળીને આ સંસ્થાનું નિર્માણ કર્યુ છે. પોતાના ધ્યેયો સિદ્ધ કરવા માટે સભ્ય રાષ્ટ્રો અવાર-નવાર મળે છે. દરેક રાષ્ટ્રને આ સંસ્થાના સભ્ય બનવું કે નહિ તે અંગેનો નિર્ણય લેવાની સ્વતંત્રતા છે. કોઈ રાષ્ટ્રને યુ.એન. ના સભ્ય બનવા માટે ફરજ પાડી શકાતી નથી. એટલું જ નહીં, યુ. એન. નું કોઈ સભ્યરાષ્ટ્ર પોતાના સભ્યપદનો ત્યાગ પણ કરી શકે છે.

**સંયુકત રાષ્ટ્રની સ્થાપના માટેનાં જવાબદાર પરિબળો**

1914 થી 1918 દરમ્યાન જુદાં-જુદાં રાજ્યો વચ્ચે પ્રથમ વિશ્વયુદ્ધ લડાયું. વિશ્વરાજકારણમાં આ ઘટના અભૂતપૂર્વ હતી. આ યુદ્ધના અંતે ફરીથી વિશ્વયુદ્ધ ન થાય તે માટે, આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવા, આંતરરાષ્ટ્રીય સહકારમાં વૃદ્ધિ કરવા, રાજ્યો વચ્ચે ખુલ્લા અને ન્યાયી સંબંધો સ્થાપવા, આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન થાય તથા ન્યાયની જાળવણી થાય તે માટે રાષ્ટ્રસંઘ નામની સંસ્થા ( The League of Nations) ની રચના કરવામાં આવી હતી. પરંતુ આ સંસ્થા મોટાભાગે તેના હેતુઓ સિદ્ધ કરવામાં નિષ્ફળ રહી.

1939 થી 1945 દરમ્યાન બીજું વિશ્વયદ્ધ થયું જેમાં મોટી સંખ્યામાં માનવસંહાર થયો. આવો માનવસંહાર આ પૂર્વે ક્યારેય થયો ન હતો. જેના પરિણામે એક એવી સંસ્થાની જરૂરિયાત ઊભી થઈ જે ભવિષ્યમાં લોકોને યુદ્ધની પીડાથી બચાવે. આ અનિવાર્યતાને ધ્યાનમાં લેતાં બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન જ સંયુકત રાષ્ટ્રસંઘ ( U.N.) નામની સંસ્થાની રચના માટે મંત્રણાઓ શરૂ થઈ. આ મંત્રણાઓના અંતે 26 જૂન, 1945 ના રોજ સાનફ્રાન્સિસ્કો પરિષદમાં સંયુકત રાષ્ટ્રસંઘના ખતપત્ર (ચાર્ટર) પર એકાવન સભ્યરાજ્યોએ સહી કરી અને તેનો સ્વીકાર કર્યો તથા 24 મી ઓકટોબર, 1945 ના દિવસે સંયુકતરાષ્ટ્રસંઘ નામની સત્તાવાર જાહેરાત સાથે આ સંસ્થા અસ્તિત્વમાં આવી. તેથી 24 મી ઓકટોબરના દિવસને સંયુકતરાષ્ટ્ર દિન ( U.N. Day) તરીકે ઓળખવામાં આવે છે.

આ સંસ્થાના ખતપત્રમાં 19 પ્રકરણો અને 111 કલમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સંયુકત રાષ્ટ્રોનું મુખ્ય મથક યુ. એસ.માં ન્યુયોર્ક શહેર ખાતે છે.



સંયુકત રાષ્ટ્ર પોતાની પોસ્ટ ઓફિસ ધરાવે છે અને પોતાની ટપાલ ટિકિટો બહાર પાડે છે.

સંયુકતરાષ્ટ્રના મહત્ત્વના હેતુઓ ટૂંકમાં નીચે પ્રમાણે છે.

1. ભવિષ્યમાં લોકોને યુદ્ધની પીડાથી બચાવવા.
2. માનવ હક્કોમાં દ્દઢ વિશ્વાસ ઉત્પન્ન કરવો.
3. સમગ્ર માનવ જાતના આર્થિક અને સામાજિક વિકાસને વેગ આપવો.
4. સમાનહક્કો તેમજ પ્રજાના આત્મનિર્ણયના સિદ્ધાંતના આધારે રાષ્ટ્રો વચ્ચે મૈત્રીભર્યા સંબંધો સ્થાપવા.

**સંયુકતરાષ્ટ્રના પાયાના સિદ્ધાંતો :**

આ સંસ્થાના મહત્ત્વના સિદ્ધાંતો નીચે પ્રમાણે છે.

1. સાર્વત્રિક સમાનતાના સિદ્ધાંત પ્રમાણે સભ્ય રાષ્ટ્રોની સમાનતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. તેને અનુસરીને જ 'એક સભ્યરાજ્ય એક મત' નો સ્વીકાર તથા અમલ કરવામાં આવ્યો છે. છતાં પણ સલામતી સમિતિમાં પાંચ કાયમી સભ્ય

રાજ્યોની વ્યવસ્થાનું નિર્માણ કરીને તેમજ તેમને નિષેધાધિકાર (Veto Power) ની સત્તા આપીને તત્કાલીન વાસ્તવિકતાનો સ્વીકાર પણ કરવામાં આવ્યો છે.

2. તમામ સભ્યોએ ખતપત્ર દ્વારા સ્વીકારેલી જવાબદારીઓ વફાદારીપૂર્વક બજાવવી તેવું સ્વીકારવામાં આવ્યું છે.
3. તમામ સભ્યરાજ્યોએ પોતાના આંતરરાષ્ટ્રીય મતભેદોને શાંતિમય ઉપાયો દ્વારા ઉકેલવા.
4. સભ્યરાજ્યોએ પોતાના આંતરરાષ્ટ્રીય સંબંધો એવી રીતે કેળવવા કે જેથી કોઈ અન્ય સભ્યરાજ્યની પ્રાદેશિક એકતા સામે કે રાજકીય સ્વાતંત્ર્ય સામે ધમકી કે બળનો ઉપયોગ ન કરવો પડે.
5. ખતપત્ર અનુસાર જે કોઈ કામગીરી હાથ ધરવામાં આવે તેમાં તમામ સભ્યરાજ્યોએ સહાય કરવી, જે રાજ્ય સામે સંયુક્તરાષ્ટ્ર પગલાં લે તે રાજ્યને મદદ કરવી નહીં.
6. કોઈ પણ રાજ્યની આંતરિક બાબતોમાં સંયુક્તરાષ્ટ્ર કોઈ દખલ કરશે નહીં.
7. સંયુક્તરાષ્ટ્રના સભ્ય ન હોય તેવાં રાજ્યો પણ આ સિદ્ધાંતો પ્રમાણે વર્તે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવા પ્રયાસ કરવો.






**સંયુક્તરાષ્ટ્રનાં અંગો, રચના અને કાર્યો :**

સંયુક્તરાષ્ટ્ર પોતાના હેતુઓને સારી રીતે સિદ્ધ કરી શકે તે માટે તેનાં જુદાં-જુદાં અંગોની રચના કરવામાં આવી છે. જે નીચે પ્રમાણે છે.

**(1) સામાન્ય સભા ( General Assembly )**

સંયુક્તરાષ્ટ્રના તમામ સભ્યરાજ્યો આ સભાનું સભ્યપદ મેળવે છે. સભ્યપદ મેળવવા માટે સલામતી સમિતિની ભલામણ અનિવાર્ય ગણાય છે, તે પછીથી જ સામાન્યસભા તે રાજ્યને સભ્યપદ આપે છે. હાલ 2016માં સામાન્યસભાની સભ્યસંખ્યા 193 છે. 14 જુલાઈ 2011 ના રોજ દક્ષિણ સુદાન સંયુક્ત રાષ્ટ્રોનું સભ્ય બન્યું. આ સભામાં દરેક સભ્યરાજ્ય પાંચ કરતાં વધુ પ્રતિનિધિઓ મોકલી શકે નહીં. દર વર્ષે સામાન્યસભાની બેઠક મળે છે. જેમાં પ્રસ્તુત મુદ્દે દરેક સભ્યરાજ્યને એક જ મત આપવાનો અધિકાર છે. સામાન્યસભાની દરેક બેઠકની શરૂઆતમાં 1 પ્રમુખ અને 21 ઉપપ્રમુખોની ચૂંટણી કરવામાં આવે છે.

સામાન્યસભા સંયુક્તરાષ્ટ્રના ખતપત્રનું કાર્યક્ષેત્ર જે બાબતો તથા પ્રશ્નોને આવરી લે છે, તે અંગે તેમજ સંયુક્તરાષ્ટ્રોના બીજા અંગોની સત્તાઓ અને કાર્યો સંબંધે ચર્ચા કરે છે. વિશ્વશાંતિ જળવાય, માનવઅધિકારોનું રક્ષણ અને જતન થાય અને આંતરરાષ્ટ્રીય કાયદાનો વિકાસ થાય તે માટે પ્રયત્નો કરે છે. તે સંયુક્તરાષ્ટ્રોના અન્ય અંગોના સભ્યોની ચૂંટણી કરે છે. દા.ત. સલામતી સમિતિના દસ બિનકાયમી સભ્યોની, આંતરરાષ્ટ્રીય ન્યાયની અદાલતના 15 ન્યાયાધીશોની તેમજ સલામતી સમિતિની ભલામણ પછી મહામંત્રીની ચૂંટણી કરે છે. જ્યારે સંયુક્તરાષ્ટ્રોના ખતપત્રમાં ફેરફાર કરવાની જરૂર જણાય ત્યારે 2/3 સભ્યોની બહુમતીથી સામાન્યસભા ફેરફાર કરી શકે છે. આ ઉપરાંત સંયુક્તરાષ્ટ્રના અંદાજપત્રને મંજૂરી આપવાની કામગીરી બજાવે છે.

**(2) સલામતી સમિતિ ( Security Council )**

સંયુક્તરાષ્ટ્રના આ અંગની રચના કુલ 15 સભ્યોથી થાય છે. જેમાં 5 કાયમી સભ્યો છે. જેવા કે-યુ.એસ., રશિયા, યુ.કે., ફ્રાંસ અને ચીન. આ કાયમી સભ્યો એ અર્થમાં કાયમી ગણાય છે કે સંયુક્તરાષ્ટ્રોનું અસ્તિત્વ જ્યાં સુધી ચાલુ રહેશે ત્યાં સુધી તેમનું સભ્યપદ ચાલુ રહેશે. આ કાયમી સભ્યો બિનકાયમી સભ્યો કરતાં વિશેષ સત્તા ધરાવે છે. દા.ત. નિષેધાધિકાર (Veto Power). સલામતી સમિતિના કાયમી સભ્ય દેશને નકારાત્મક મત આપવાની અસાધારણ સત્તા એટલે 'વીટો' (Veto). આ સંસ્થામાં 10 બિનકાયમી સભ્યો હોય છે. બિનકાયમી સભ્યોની ચૂંટણી સામાન્યસભા 2/3 બહુમતીથી બે વર્ષના સમયગાળા માટે કરે છે. નિવૃત્ત થતું સભ્યરાજ્ય તરત જ આ અંગનું સભ્યપદ મેળવી શકે નહીં. સલામતી સમિતિ સતત કાર્યરત રહે છે. જ્યારે કાર્યવાહીને લગતી બાબતો અંગે નિર્ણય લેવાનો હોય ત્યારે 15 માંથી 9 સભ્યોની સંમતિ જરૂર ગણાય છે. જેમાં 5 કાયમી સભ્યોની સંમતિ અનિવાર્ય ગણાય છે. મતદાન વખતે જો આ 5 માંથી કોઈ એક મહાસત્તા ગેરહાજર રહે તો તેણે વીટો સત્તાનો ઉપયોગ કર્યો ગણાતો નથી. સલામતી સમિતિના પ્રમુખપદની સમયમર્યાદા એક મહિનાની રાખવામાં આવી છે. આ સમિતિના સભ્યરાજ્યો તેમના નામના અંગ્રેજી વર્ણમાળાના ક્રમ (Alphabetic Order) પ્રમાણે અનુક્રમે પ્રમુખપદ મેળવે છે.

સલામતી સમિતિનું મુખ્ય કામ વિશ્વમાં શાંતિ અને સલામતી જાળવવાનું છે. તે કોઈપણ તકરાર અંગે કે યુદ્ધ તરફ દોરી જતી પરિસ્થિતિ અંગે તપાસ કરી શકે છે. સંયુકતરાષ્ટ્રોમાં નવા રાજ્યને સભ્યપદ આપવું કે નહિ તે અંગેનો તેમજ ચાલુ સભ્યનો બહિષ્કાર કરવા અંગેનો નિર્ણય લેવાનું કાર્ય પણ તે કરે છે. સલામતી સમિતિ સામાન્યસભાના સહકારથી આંતરરાષ્ટ્રીય અદાલતના ન્યાયાધીશોની નિમણૂક કરે છે.

### (3) આર્થિક અને સામાજિક સમિતિ ( The Economic and Social Council)

આ સમિતિની સભ્યસંખ્યા 54 છે. સામાન્ય સભાના 2/3 સભ્યો દ્વારા તેના સભ્યરાજ્યોની ચૂંટણી થાય છે. આ સભ્યોમાંથી 1/3 સભ્યો એટલે 18 સભ્યો દર વર્ષે નિવૃત્ત થાય છે. બીજી રીતે કહીએ તો 18 સભ્યો દર વર્ષે ત્રણ વર્ષ માટે ચૂંટાય છે. જે સભ્યો નિવૃત્ત થાય છે તેઓ ફરીથી સભ્યપદ મેળવવા માટે યોગ્ય ગણાય છે. વર્ષમાં બે વખત તેની બેઠક મળે છે અને હાજર રહેલ તથા મતદાન કરતા સભ્યોની બહુમતીથી નિર્ણય લેવાય છે. આર્થિક અને સામાજિક સમિતિ કેટલીક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સંકળાયેલી છે જેવી કે; આંતરરાષ્ટ્રીય અણુશક્તિપંચ (International Atomic Energy Agency -IAEA), સંયુક્તરાષ્ટ્રની શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંસ્થા (United Nations Educational Scientific and Cultural Organization - UNESCO), તથા વિશ્વ આરોગ્ય સંસ્થા (World Health Organization - WHO) વગેરે.

આંતરરાષ્ટ્રીયક્ષેત્રે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને સ્વાસ્થ્ય વગેરે બાબતોનો અભ્યાસ હાથ ધરી તે અંગે અહેવાલો તૈયાર કરે છે અને આ કાર્યો સાથે સંબંધ ધરાવતી સંયુકતરાષ્ટ્રોની અન્ય સંસ્થાઓને તથા સભ્યરાજ્યોને તે સંદર્ભમાં ભલામણો કરે છે.

### (4) વાલીપણાની સમિતિ ( Trusteeship Council )

સ્વ-શાસન પ્રાપ્ત કર્યું ન હોય તેવા સંસ્થાનોના વહીવટની જવાબદારીઓ જે સભ્યરાજ્યોએ લીધી હોય તેમણે પોતાની જવાબદારીઓ અદા કરતી વખતે ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે- આવા પ્રદેશોની પ્રજાના હિતો અતિમહત્ત્વના છે. વહીવટ સંભાળતા સભ્યરાજ્યોએ સંસ્થાનોના વાલી તરીકેની ફરજ બજાવવાની છે અને પોતાની દેખરેખ નીચેના સંસ્થાનો ઝડપથી સ્વ-શાસન પ્રાપ્ત કરે તે દિશામાં પ્રયત્નો કરવાના છે. આ પ્રમાણે સંસ્થાનો સ્વતંત્રતા પ્રાપ્ત કરી સાર્વભૌમ રાજ્યો બને તે દિશામાં આ સમિતિ કામગીરી બજાવે છે. વાલીપણા સમિતિની રચના આ પ્રમાણે થાય છે : (1) સંસ્થાનોનો વહીવટ સંભાળતા બે સભ્ય રાજ્યો (2) સલામતી સમિતિના કાયમી સભ્યરાજ્યોમાંથી જેઓ સંસ્થાનોનો વહીવટ ન કરતા હોય તેમનો અને (3) જે સભ્યરાજ્યોને સામાન્યસભા ત્રણ વર્ષ માટે આ સમિતિમાં ચૂંટે તેવા સભ્યરાજ્યો.

આ સમિતિની બેઠક દર વર્ષે મળે છે. જે સભ્યરાજ્યો સંસ્થાનોનો વહીવટ કરતા હોય તેમણે તે અંગેનો અહેવાલ વાલીપણા સમિતિને સોંપવાનો હોય છે અને આ સમિતિ તેના પર વિચારણા કરે છે. જે સભ્યરાજયો સંસ્થાનોનો વહીવટ કરતા હોય (અર્થાત્ જેમણે વાલીપણું સ્વીકાર્યું છે તેવા સભ્યરાજ્યો) તેમની સંમતિ પછી આ સમિતિ સંસ્થાનોની મુલાકાત લે છે અને સભ્યરાજયોએ કરેલા કાર્યોની સમીક્ષા કરે છે.

### (5) આંતરરાષ્ટ્રીય અદાલત ( International Court of Justice )

ન્યાય અને આંતરરાષ્ટ્રીય કાયદાના સિદ્ધાંતોને અનુસરીને આંતરરાષ્ટ્રીય મતભેદો અથવા તકરારોનો ઉકેલ લાવવાનો છે. આ હેતુને સિદ્ધ કરવા માટે કાયદા નિષ્ણાતોની સમિતિની ભલામણને અનુલક્ષીને આંતરરાષ્ટ્રીય સંધિ દ્વારા આંતરરાષ્ટ્રીય અદાલતની રચના કરવામાં આવેલી છે. આ અદાલતના ન્યાયાધીશોની ચૂંટણી જે-તે દેશની રાષ્ટ્રીયતાને ધ્યાનમાં લીધા સિવાય કરવામાં આવે છે. જેઓ પોતાના રાજ્યમાં અદાલતનો ઉચ્ચ હોદ્દો ધારણ કરવાની ક્ષમતા ધરાવતા હોય અથવા તો જેઓ આંતરરાષ્ટ્રીય કાયદાના ઊંડા અભ્યાસી હોય તેમને આ સંસ્થાનો હોદ્દો ધારણ કરવા માટે યોગ્ય ગણવામાં આવે છે. આ અદાલતના ન્યાયાધીશોની કુલ સંખ્યા 15 ની છે. એક સભ્યરાજ્યમાંથી એક કરતાં વધારે ન્યાયાધીશની ચૂંટણી કરવામાં આવતી નથી. સામાન્ય સભા અને સલામતી સમિતિ અલગ-અલગ બેઠકમાં તેમની ચૂંટણી કરે છે. ન્યાયાધીશોની સમયાવધિ નવ વર્ષની છે અને આ સમય પૂરો થતાં જ તેઓ ફરીથી ચૂંટાવા માટે યોગ્ય ગણાય છે. આ અદાલત વેકેશન સિવાય સતત ચાલુ રહે છે.

આ અદાલત એક પ્રમુખ અને એક ઉપપ્રમુખની ત્રણ વર્ષ માટે ચૂંટણી કરે છે. આ અદાલતની કાર્યવાહી માટે ફ્રેન્ચ અને અંગ્રેજી ભાષાને માન્ય રાખવામાં આવી છે. અદાલતી કાર્યવાહી દરમિયાન જો કોઈ પક્ષ આ સિવાયની બીજી ભાષાનો ઉપયોગ કરવાની માંગણી કરે તો તેઓ મંજૂરી આપે છે. ન્યાયાધીશોની બનેલી બેન્ચમાં બહુમતીથી નિર્ણય લેવાય છે. જ્યારે બન્ને પક્ષે સમાન સંખ્યામાં મત પડે છે ત્યારે પ્રમુખ પોતાનો નિર્ણાયક મત (Casting Vote) આપે છે.

આ અદાલતના મુખ્ય કાર્યો આ પ્રમાણે છે,

1. આંતરરાષ્ટ્રીય કાયદાનું અર્થઘટન તથા અમલ કરવો.
2. ફરિયાદ આવે ત્યારે તે અંગે નિર્ણય આપવો.
3. સંયુકત રાષ્ટ્રનું કોઈપણ અંગ કે તેની સંસ્થા કોઈ કાનૂન બાબત અંગે સલાહ માંગે તો સલાહ આપવી.

### (6) સચિવાલય ( Secretariat )

સંયુક્ત રાષ્ટ્રની વહીવટી જવાબદારી સચિવાલય સંભાળે છે. મહામંત્રી ( Secretary General ) તેના મુખ્ય વહીવટી અમલદાર ગણાય છે. મહામંત્રીની નિમણૂક સલામતી સમિતિની ભલામણ પછી સામાન્ય સભા પાંચ વર્ષ માટે કરે છે. મહામંત્રીને તેમનાં કાર્યોમાં અગિયાર અંડર સેક્રેટરી જનરલ તથા પાંચ આસિસ્ટન્ટ સેક્રેટરી જનરલ સહાય કરે છે. આ કર્મચારીઓની પસંદગી થયા પછી તેઓ રાષ્ટ્રીય વફાદારીથી પર બનીને કાર્યો કરે છે. તેથી તેમને આંતરરાષ્ટ્રીય સનદી અમલદારો તરીકે ઓળખવામાં આવે છે. તે અમલદારો સંયુક્ત રાષ્ટ્રની બહાર આવેલી કોઈપણ સંસ્થા કે રાજ્ય તરફથી સૂચનાઓ મેળવી શકતા નથી.

સંયુક્તરાષ્ટ્રના મહામંત્રીને યુ.એન. દ્વારા ખૂબ જ મહત્ત્વની કામગીરી સોંપવામાં આવી છે. વિશ્વશાંતિ જાળવવાની દિશામાં પહેલ કરવાનો અધિકાર મહામંત્રીને આપવામાં આવ્યો છે. મહામંત્રી આંતરરાષ્ટ્રીય અદાલત સિવાયના ચાર રાજકીય અંગોની તમામ બેઠકોમાં મુખ્ય વહીવટી અધિકારી તરીકે હાજરી આપે છે. આ અંગો મહામંત્રીને જે કામગીરી સોંપે તે તેમણે બજાવવાની હોય છે. દર વર્ષે મહામંત્રી સચિવાલયની કામગીરીનો અહેવાલ સામાન્ય સભા સમક્ષ રજૂ કરે છે.

**સંયુક્તરાષ્ટ્ર સમક્ષના પડકારો અને સફળતા :**

હેતુ અને સિદ્ધાંતોના સંદર્ભમાં યુ.એન. એ જે પડકારોનો સામનો કરવો પડે છે તે આ પ્રમાણે છે.

- ❖ ત્રાસવાદ અને વંશીય અથડામણોનો વધતો જતો ખતરો તથા શરણાર્થીઓના પ્રશ્નો
- ❖ માનવહકોના ભંગની નિરંતર બનતી ઘટનાઓ
- ❖ જેમાં લોકોની સક્રિય અને અર્થપૂર્ણ સામેલગીરી હોય તેવી લોકશાહી રાજકીય વ્યવસ્થાના સાર્વત્રિક સ્વીકારનો અભાવ
- ❖ વૈશ્વિક પર્યાવરણ સામે ઊભો થતો ગંભીર ખતરો
- ❖ વ્યાપક ગરીબી અને ભૂખમરાની વધતી જતી સમસ્યા
- ❖ અણુશસ્ત્રો, રાસાયણિકશસ્ત્રો તથા જૈવિકશસ્ત્રોનું ઉત્પાદન અને વિસ્તરણ

આજસુધી ત્રીજું વિશ્વયુદ્ધ ન થયું એ જ સંયુક્ત રાષ્ટ્રની સૌથી મોટી સફળતા ગણાવી શકીએ. સંયુક્ત રાષ્ટ્રની સ્થાપના પછી ત્રીજું વિશ્વ યુદ્ધ થઈ શકે એવી કેટલીક ઘટનાઓ બની હતી. જેમ કે,

**(I) બર્લિન કટોકટી :-** બીજા વિશ્વયુદ્ધમાં જર્મનીની હાર થતાં USSR-યુ.એસ.એસ.આર.(Union of Soviet Socialist Republic - સોવિયેત યુનિયન), ફ્રાંસ, યુ.એસ.એ. અને યુ.કે.ના લશ્કરોએ જર્મનીનો કબજો કર્યો હતો. આ ચારેય દેશોના લશ્કરો જર્મનીમાં ઘુસી ગયા હતાં અને એક પણ રાષ્ટ્ર પોતાનો અધિકાર જતો કરવા તૈયાર ન હતું. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન યુ.કે., યુ.એસ.એ. અને સોવિયેત સંઘ વચ્ચે યાલ્ટા અને પોસ્ટડામ ખાતે જર્મની સંબંધે સમજૂતીઓ થઈ હતી. યાલ્ટા સમજૂતી પ્રમાણે જર્મનીનું ત્રણ વિભાગમાં વિભાજન કરવાનો નિર્ણય લેવાયો હતો તે પ્રમાણે પૂર્વ જર્મની પર યુ.એસ.એસ.આર. ના અધિકારક્ષેત્રનો સ્વીકાર થયો, જ્યારે પશ્ચિમ જર્મનીનું યુ.કે., યુ.એસ.એ. અને ફ્રાંસના અધિકારક્ષેત્રમાં વિભાજન કરવાનું નક્કી થયું હતું. પરંતુ યુ.એસ.એસ.આર.ના અધિકારક્ષેત્રમાં આવેલા પૂર્વ જર્મનીમાં રહેલા બર્લિન શહેરને પણ ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યું હતું. પૂર્વ બર્લિન પર યુ.એસ.એસ.આર. નો જ્યારે પશ્ચિમ બર્લિનના ત્રણ ભાગ પાડી તેમના પર યુ.એસ.એ., યુ.કે. અને ફ્રાંસનો અંકુશ સ્થાપવામાં આવ્યો હતો.

1947 થી બંને સત્તાજૂથો (યુ.એસ.એસ.આર. અને સામ્યવાદી દેશોનું જૂથ તથા યુ.એસ.એ. અને મૂડીવાદી દેશોનું જૂથ) વચ્ચે જર્મની અંગે મતભેદ શરૂ થયો, અને સમગ્ર જર્મની અંગે નિર્ણયો લેવા માટે ચાર સત્તાઓની બનેલી અંકુશ પરિષદ 1948 માં તૂટી પડી. પશ્ચિમ જર્મનીમાં યુ.કે., યુ.એસ.એ. અને ફ્રાંસે આર્થિક અને રાજકીય એકીકરણ કરવાની દિશામાં પગલાં લેવાનું શરૂ કર્યું અને પશ્ચિમ જર્મનીમાં નાણાકીય ચલણનો સુધારો દાખલ કર્યો. પરંતુ સમગ્ર બર્લિનમાં આ સુધારો દાખલ કરી શકાયો નહીં, કારણ કે ત્યાં યુ.એસ.એસ.આર. એ પોતાના તરફથી ચલણી સુધારો દાખલ કર્યો હતો. પશ્ચિમ બર્લિનમાં પ્રવેશવાનો માર્ગ પૂર્વ જર્મનીમાંથી પસાર થતો હતો જેના પર યુ.એસ.એસ.આર.નો અંકુશ હતો. પરિણામે યુ.એસ.એસ.આર. એ પોતાના વિભાગમાં લાગુ કરેલ ચલણના સુધારાની રક્ષા માટે પશ્ચિમ બર્લિનની આસપાસ નાકાબંધીનો અમલ શરૂ કર્યો.

પશ્ચિમી સત્તાઓ માટે આ ખુલ્લો પડકાર હતો. પોતાની પ્રતિષ્ઠાનો પ્રશ્ન હોવાથી આ અંગે નક્કર જવાબ આપ્યા વિના છુટકો ન હતો. આમ, બન્ને સત્તાજૂથો જર્મનીમાં બર્લિન માટે સામ-સામે આવી જવાથી જે કટોકટી સર્જાઈ હતી તેને બર્લિન કટોકટી કહે છે. આ અંગે સંયુક્તરાષ્ટ્રની સલામતી સમિતિમાં પણ પ્રશ્ન ઉઠાવાયો હતો. આ કટોકટીને હળવી બનાવી રાખવામાં સંયુક્તરાષ્ટ્રએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

**(II) સુએઝ નહેરનો પ્રશ્ન :** 1956 માં ઈજિપ્તના કર્નલ નાસરે સુએઝ નહેરનું રાષ્ટ્રીયકરણ કરતાં યુ.કે. અને ફ્રાન્સના આર્થિક હિતો જોખમાવાને કારણે આ બન્ને રાજ્યો અને ઈઝરાયેલે દુશ્મનાવટને કારણે ઈજિપ્ત પર આક્રમણ કર્યું ત્યારે યુ.એસ.એસ.આર. એ ઈજિપ્તને પ્રોત્સાહન આપતાં વિશ્વશાંતિ ભયમાં મુકાઈ હતી. બિનજોડાણવાદી રાજ્યોએ આ ત્રણે રાજ્યોના સૈનિકોને ઈજિપ્તમાંથી પાછા ખેંચી લેવા અને સુએઝ નહેર માટે આંતરરાષ્ટ્રીય પોલીસદળની સ્થાપના કરવાનો ઠરાવ પસાર કર્યો.

સંયુકતરાષ્ટ્રના કટોકટીદળની પ્રથમ ટુકડી ઈજિપ્તમાં મોકલવામાં આવી અને સામાન્ય સભાએ ત્રણે રાજ્યોને ઈજિપ્તમાંથી સૈનિકો પાછા ખેંચી લેવાનું કહ્યું. તેથી બ્રિટન અને ફ્રાંસે પોતાના સૈનિકો પાછા ખેંચી લીધા પણ ઇઝરાયલે તેમ ન કર્યું. પરિણામે ઇઝરાયેલને આર્થિક અને લશ્કરી મદદ આપવાનું તમામ રાજ્યો બંધ કરે તેવો ઠરાવ પસાર કરાતાં ઇઝરાયેલે પણ પોતાના સૈનિકો પાછા ખેંચી લીધા. આમ આ સમસ્યાને હલ કરવામાં સંયુકતરાષ્ટ્રને સફળતા મળી.

**(III) ક્યુબાની કટોકટી :** ક્યુબા એ મધ્ય અમેરિકામાં આવેલો મોટો ટાપુ છે. ત્યાં 1959 માં ફિડલ કાસ્ટ્રો સત્તા પર આવ્યા. ફિડલ કાસ્ટ્રો યુ.એસ.એસ.આર. તરફી હોવાને કારણે 1960 માં ક્યુબાને યુ.એસ.એસ.આર. એ અણુશાસ્ત્રો આપવાની જાહેરાત કરી. પરિણામે યુ.એસ.એ. ની સલામતી ભયમાં મુકાવાને કારણે પ્રમુખ કેનેડીએ 1962 માં વળતાં પગલાં તરીકે ક્યુબા ફરતી નાકાબંધી જાહેર કરી. જેથી ક્યુબામાં લશ્કરી થાણાઓને અણુશસ્ત્રોથી સુસજજ કરનારી સામગ્રી ત્યાં આવી શકે નહીં. આમ, બે મહાસત્તાઓ સામ-સામે આવી જતાં ઠંડાયુદ્ધમાં વેગ આવ્યો ને ત્રીજા વિશ્વયદ્ધની શકયતા ઊભી થાય તેવી પરિસ્થિતિ નિર્માણ પામી. સંયુકતરાષ્ટ્રના મહામંત્રી  ઉથાંટે યુ.એસ.એસ.આર.ના રાજનેતા કૃષ્ચોવ, યુ.એસ.એ.ના પ્રમુખ કેનેડી તથા ક્યુબાના રાજનેતા કાસ્ટ્રો વચ્ચે સમજૂતી સધાય તે માટેની ભૂમિકા પૂરી પાડીને વિશ્વશાંતિ જાળવવામાં અગત્યની ભૂમિકા ભજવી.

**(IV) નિઃશસ્ત્રીકરણ અંગેના પ્રયત્નો :** 1969 માં સંયુકતરાષ્ટ્રએ રાસાયણિક ને જીવાણુશસ્ત્રોનો ઉપયોગ કરવો એ આંતરરાષ્ટ્રીય કાયદા વિરુદ્ધ છે તેવું જાહેર કર્યુ. સંયુકતરાષ્ટ્રએ 1970 ના દાયકાને નિઃશસ્ત્રીકરણના દાયકા તરીકે જાહેર કર્યો. 5 મી માર્ચ, 1970 ના રોજ અણુબિનપ્રસારણ સંધિ અમલમાં આવી અને 100 જેટલાં રાજ્યોએ તેના પર સહી કરી. તે નિઃશસ્ત્રીકરણની દિશામાં ભરાયેલું મહત્ત્વનું પગલું હતું.

**(V) સ્ત્રી સશક્તિકરણની દિશામાં પ્રયત્નો :** 1975 થી 1985 ના દાયકાને સ્ત્રીઓના દાયકા તરીકે સંયુકતરાષ્ટ્રએ ઘોષણા કરી હતી. જેને પરિણામે વિશ્વની મોટાભાગની સરકારોએ સ્ત્રીઓના વિકાસ  માટે સંસ્થાઓ સ્થાપી છે.

આ ઉપરાંત એન્ટાર્કટીક વિસ્તારમાં લશ્કરી પ્રવૃત્તિઓ અને અણુપ્રયોગો નહીં કરવાનું સ્વીકારીને તથા લેટિન અમેરિકાને અણુમુકત વિસ્તાર જાહેર કરી વિશ્વશાંતિ જાળવવામાં સંયુકતરાષ્ટ્રએ અમૂલ્ય ફાળો આપ્યો છે. એશિયા- આફ્રિકામાં અનાજ અને દવાઓની સહાય કરીને ભૂખમરા તેમજ રોગચાળા સામે સુરક્ષા પૂરી પાડીને માનવતાના કાર્યો કર્યાં છે. નિરાશ્રિતો માટે સંયુકતરાષ્ટ્રના હાઈકમિશનરનું કાર્યાલય The Office of the United Nations High Commissioner for Refugees (UNHCR) જેવી સંસ્થાઓ પણ વિવિધક્ષેત્રે સેવાઓ આપી રહી છે. શરણાર્થીઓના હિતમાં આ સંસ્થાએ કરેલાં કાર્યો માટે 1954 માં અને 1981 માં શાંતિ માટેના એમ કુલ બે નોબલ પુરસ્કાર આ સંસ્થાને મળ્યા છે. આ સંસ્થાનું વડુ મથક જિનેવા-સ્વિટ્ઝરલેન્ડ ખાતે છે.

## સંયુકતરાષ્ટ્રમાં ભારતની ભૂમિકા :

સંયુકતરાષ્ટ્રની સ્થાપના થઈ ત્યારથી જ ભારત એની સાથે ગાઢ રીતે સંકળાયેલું રહ્યું છે. આ વિશ્વસંસ્થાના ધ્યેયો અને પાયાના સિદ્ધાંતોને સુસંગત રહીને ભારતે તેની વિદેશનીતિ ઘડી છે અને એ રીતે તેનો અમલ કર્યો છે. ભારતે પોતાના રાષ્ટ્રીયહિતો જાળવીને સંયુકતરાષ્ટ્રની વિવિધ પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે અને સૌએ તેની કદર પણ કરી છે.

આપણા બંધારણની કલમ-51 જણાવે છે કે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી વધે તેમજ આંતરરાષ્ટ્રીય તકરારોનું શાંતિમય રીતે સમાધાન થાય તે દિશામાં સરકારે પ્રયાસો કરવા. આમ, સંયુકત રાષ્ટ્રોના ધ્યેયોનો પડઘો આપણા બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતોમાં ઝિલાયો છે.

ભારતે ત્રાસવાદ, સંસ્થાનવાદ, સામ્રાજ્યવાદ, રંગભેદ અને જાતિવાદ સામેના વિરોધમાં અગ્રણી ભૂમિકા ભજવી છે. ટ્યુનિશિયા, અલ્જિરિયા અને મોરોક્કો જેવા ફ્રેન્ચ સંસ્થાનોને સ્વાતંત્ર્ય પ્રાપ્ત થાય તે માટેના પ્રયાસોને ભારતે ટેકો આપ્યો છે. દક્ષિણ આફ્રિકાની રંગભેદ વિરોધી ચળવળોમાં ભારતે ટેકો આપ્યો હતો.

સંયુકતરાષ્ટ્ર પાસે પોતાનું કાયમી સૈન્ય હોતું નથી આથી જ્યારે-જ્યારે શાંતિ સ્થાપવા માટે આંતરરાષ્ટ્રીય સૈન્યની જરૂર ઊભી થઈ છે ત્યારે ત્યારે ભારતે પોતાનું સૈન્ય મોકલીને શાંતિ સ્થાપક તરીકેની મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ગાઝા, સાઈપ્રસ, કોંગો જેવા દેશોમાં ઊભી થયેલી કટોકટી વખતે ભારતે પોતાનું સૈન્ય મોકલીને શાંતિ સ્થાપવામાં મદદ કરી છે. કોરિયાના યુદ્ધમાં ઘવાયેલા સૈનિકોની સારવાર કરવા ભારતે ડૉકટરોની ટીમ મોકલી હતી. કોરિયાના યુદ્ધવિરામ પછી તેના ઉપર દેખરેખ રાખવા માટે નીમવામાં આવેલા તટસ્થ દેશોના કમિશનના અધ્યક્ષ તરીકે ભારતે મહત્ત્વની ભૂમિકા ભજવેલી. એ જ રીતે વિયેતનામ, લાઓસ, કમ્બોડિયા અને ફ્રાન્સ વચ્ચે થયેલ યુદ્ધવિરામનો અમલ કરવા માટે નીમવામાં આવેલા આંતરરાષ્ટ્રીય કમિશનના અધ્યક્ષપદે પણ ભારતે નોંધપાત્ર ભૂમિકા ભજવેલી. આમ, 1950 અને 1960 ના દાયકા દરમ્યાન જુદા-જુદા દેશોમાં ઊભી થયેલી ગંભીર કટોકટીઓ વખતે શાંતિસ્થાપક અને યુદ્ધવિરામનો અમલ કરાવનાર એક તટસ્થ અને નિષ્પક્ષ રાષ્ટ્ર તરીકે ભારતે ઘણી મહત્ત્વની કામગીરી બજાવી છે.

ભારતે હંમેશાં નિ:શસ્ત્રીકરણને ટેકો આપેલો છે. પરમાણુશસ્ત્રોના સંપૂર્ણ નિ:શસ્ત્રીકરણની જોરદાર હિમાયત ભારતે કરી છે. રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે શાંતિ, સહકાર અને સમજણના સેતુઓ રચાય તો લશ્કરો પાછળ થતો મબલખ ખર્ચ ઘટાડી શકાય અને શસ્ત્રીકરણ પાછળ ખર્ચાતા નાણાં તથા સંસાધનોનો ઉપયોગ લોકોના આર્થિકવિકાસ માટે કરી શકાય એવું ભારત સતત માનતું આવ્યું છે.

સંયુકતરાષ્ટ્રની સલામતી સમિતિના બિનકાયમી સભ્યપદે ભારત ઘણીવાર ચૂંટાઈ આવ્યું છે. વાલીપણા સમિતિના સભ્યપદે ભારતે બાર વર્ષ સુધી કામગીરી બજાવી છે. 1952 માં સામાન્યસભાના અધિવેશનના પ્રમુખ તરીકે શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત ચૂંટાઈ આવેલાં. યુનેસ્કોના અધ્યક્ષ તરીકે ડૉ. રાધાકૃષ્ણન, આંતરરાષ્ટ્રીય અદાલતના ન્યાયમૂર્તિઓ તરીકે ડૉ. નગેન્દ્ર સિંહ અને આર.એસ. પાઠકે પોતાની સેવાઓ આપેલી છે. હાલ, વર્ષ 2016માં ન્યાયમૂર્તી શ્રી દલવીર ભંડારી આંતરરાષ્ટ્રીય અદાલતમાં ન્યાયાધીશ તરીકે સેવા આપી રહ્યાં છે. તેઓશ્રી 27 એપ્રિલ 2012થી આ પદ પર નિયુક્ત થયાં છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો**

(1) સંયુકતરાષ્ટ્રની સ્થાપના માટેના જવાબદાર પરિબળો જણાવો.
(2) સંયુકતરાષ્ટ્રના હેતુઓ જણાવો.
(3) સંયુકતરાષ્ટ્રના પાયાના સિદ્ધાંતો જણાવો.
(4) સંયુકતરાષ્ટ્ર સામે કયા પડકારો છે ?

**2. ટૂંકનોંધ લખો.**

(1) સામાન્ય સભા (2) સલામતી સમિતિ
(3) વાલીપણા સમિતિ (4) કયુબાની કટોકટી
(5) સુએઝ નહેરનો પ્રશ્ન (6) બર્લિન કટોકટી

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

(1) નિષેધાધિકાર એટલે શું ?
(2) આર્થિક અને સામાજિક સમિતિનાં કાર્યો જણાવો.
(3) સંયુકતરાષ્ટ્રના મહામંત્રીની ભૂમિકા જણાવો.

**4. નીચેના પ્રશ્નોના એક-બે વાકયોમાં જવાબ આપો.**

(1) સંયુકતરાષ્ટ્રની સ્થાપના ક્યારે થઈ?
(2) સંયુકતરાષ્ટ્રના ખતપત્રમાં કેટલાં પ્રકરણો અને કલમો છે?
(3) સલામતી સમિતિના કાયમી સભ્યોનાં નામ જણાવો.
(4) આંતરરાષ્ટ્રીય અદાલતમાં કેટલા ન્યાયાધીશો બેસે છે? તેમના હોદ્દાની મુદત જણાવો.

**5. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો.**

(1) કયા દિવસને યુ.એન. દિવસ તરીકે ઓળખવામાં આવે છે? ☐
(અ) 12 ઓક્ટોબર (બ) 24 ઓક્ટોબર
(ક) 02 ઓક્ટોબર (ડ) 21 ઓક્ટોબર

(2) સંયુકતરાષ્ટ્રનું મુખ્ય મથક કયાં આવેલું છે? ☐
(અ) ન્યુયોર્ક, યુ.એસ. (બ) નવી દિલ્હી, ભારત
(ક) હેગ, નેધરલેન્ડ (ડ) જીનેવા, સ્વિટ્ઝરલૅન્ડ

(3) સૌપ્રથમ કેટલાં રાજ્યોએ સહી કરીને સંયુકત રાષ્ટ્રનો સ્વીકાર કરેલો? ☐
(અ) 15 (બ) 25 (ક) 52 (ડ) 51

**પ્રવૃત્તિ**

- સંયુકત રાષ્ટ્રની પ્રવૃત્તિઓના ફોટોગ્રાફ ઈન્ટરનેટના માધ્યમથી વિદ્યાર્થીઓને બતાવવા.
- વિદ્યાર્થીઓને વિશ્વના રાજકીય નકશાનું નિરીક્ષણ કરાવવું.
- આંતરરાષ્ટ્રીય કટોકટી- સમસ્યાઓ વિશે વિદ્યાર્થીઓને માહિતી આપવી.

●